ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૪૭ ટકા

# શહેરમાં ગુલાબી ઠંડી વચ્ચે માવઠાની શક્યતા

## સવારે ઠંડી, બપોરે ગરમી સાથે વરસાદી માવઠાની અસરથી ત્રિ-ઋતુના દશ્યો સર્જાયા

ગાંધીનગર, તા. ૧૭

કડકડતી ઠંડી વચ્ચે રેઈનકોટ કાઢવાની નોબત આવે એવી શક્યતા હવામાન વિભાગ દ્વારા સેવાઈ રહી છે. શહેરમાં કડકડતી ઠંડીમાં હવામાન વિભાગ દ્વારા વાતાવરણને જોતા માવઠું થવાની સંભાવના વ્યકત કરાઈ છે. આગામી ત્રણ દિવસ હળવા વરસાદી ઝાંપટા પડવાની શક્યતા છે. પશ્ચિમી દિશાના ભેજવાળા પવનોને પગલે અરબી સમુદ્રમાં વેસ્ટર્ન ડિસ્ટબન્સ સર્જાયુ છે. શહેરના વાતાવરણમાં બદલાવ આવ્યો છે અને વાદળો છવાયા છે.

શહેરમાં દિવસ દરમિયાન સવારે ઠંડી ત્યારબાદ બપોરે ગરમી અને સાંજે કડકડતી ઠંડી સાથે વરસાદી માવઠાની શક્યતા સાથે ત્રિ-ઋતુ જોવા મળી રહી છે. કમોસમી વરસાદના કારણે ઠંડીનો પારો પણ ગગડી શકે છે અને વાતાવરણ વધારે ઠંડુ થઈ શકે છે. સમગ્ર શહેર પંથકમાં દિવાળી બાદ ગુલાબી ઠંડીએ ધીમી ધારે જમાવટ પકડી હતી. ત્યારે ગઈકાલે સવારથી જ સુસવાટાભેર પવનો વાતા ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો. વાદળછાયા વાતાવરણને કારણે સમગ્ર પંથકમાં ઠંડીનું જોર વધ્યુ હતુ. ખુલ્લા આકાશ નીચે રાતવાસો કરનારાઓને અત્યારથી જ તાપણાંનો સહારો લેતા જોવા મળ્યા હતા. શહેરમાં વાદળછાયુ વાતાવરણ છવાઈ જતા સૂર્ય દેવતાના દર્શન દુર્લભ બન્યા હતા કમોસમી માવઠાના એંધાણથી



ખેડૂતોને પાકમાં નુકસાન થવાની ભીતી સર્જાઈ છે. આ સમયગાળામાં મહત્તમ તાપમાન દિવસ દરમ્યાન ૨૯-૩૩ ડીગ્રી સેલ્શીયસ જેટલુ તેમજ લઘુત્તમ તાપમાન રાત્રી દરમ્યાન ૧૮-૨૦ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે. આ સમયગાળા દરમ્યાન મહત્તમ અને લઘુત્તમ ભેજનું પ્રમાણ અનુક્રમે ૨૮-૮૩ અને ૨૦-૫૮ ટકા રહેશે. પવનની ઝડપ ૧૧ થી ૧૮ કિ.મી. કલાક રહેવાની શકયતા છે. ભેજવાળા વાતાવરણને કારણે બિમારી અને રોગચાળો ફેલાવાની સંભાવના છે. શરદી, ખાંસી, તાવના દર્દીઓ આવા વાતાવરણમાં વધી શકે છે. આ સમયગાળા દરમ્યાન કપાસ અને શાકભાજીના પાકોમાં નિંદામણ કાર્ય જરૂરિયાત મુજબ કરવું જોઈએ. જીવાતોના નિયંત્રણ માટે પ્રકાશ પિંજર મુકવા જોઈએ. પ્રકાશ પિંજરના બલ્બ નીચે પાણીથી ભરેલ વાસણમાં દવા અથવા કેરોસીન નાખવું જેથી જીવાતના ફૂદા પ્રકાશમાં આકર્ષાઈને મૃત્યુ પામે છે. શિયાળુ પાકો ચણા, રાઈ, લસણ, ઘઉં, જીરૂ, ધાણા, ડુંગળી, મેથી વિગેરેનું વાવેતર સમયસર પૂર્ણ કરવું જોઈએ. કપાસમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ થાય નહિ તે માટે નિયંત્રિત પિયત આપવુ જોઈએ અને નાઈટ્રોજનયુક્ત ખાતરનો વધુ પડતો ઉપયોગ ન કરવા કૃષિ વૈજ્ઞાનિક દ્વારા ભલામણ કરાઈ છે. ત્યારે આજે માવઠું થવાની સંભાવના વ્યક્ત કરાઈ છે.

**જન્મદિને વધામણી**



**કાર્તિક પટેલ**
સભ્ય : મિડીયા કમિટી, ગુજરાત પ્રદેશ-ભાજપ
પૂર્વ ડે. મેયર, ગાંધીનગર
આચાર્ય એસ.એમ.વાય. શાહપુર ટયુટોરિયલ હાઈસ્કૂલ



**દિક્ષુ સોની**



દેવઉઠી અગિયારસથી પૂનમ સુધી તુલસી વિવાહનું આયોજન ઠેર ઠેર કરવામાં આવે છે. ભગવાન વિષ્ણુના શાલીગ્રામ સ્વરૂપના વિવાહ તુલસી સાથે કરાવીને તુલસી વિવાહની ઉજવણી કરવામાં આવે છે. શહેરના જાણીતા વેપારી અગ્રણી જશુભાઈ મોદીના નિવાસસ્થાને તુલસી વિવાહની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જશુભાઈ મોદીના ધર્મપત્નિ ભાનુમતીબેન મોદી અને કલાવતીબેન પટેલે તુલસી વિવાહનું સફળ આયોજન કર્યું હતું. મહિલાઓ મોટી સંખ્યામાં આ ધાર્મિક કાર્યક્રમમાં જોડાઈ હતી.

## શહેરના જાણીતા કવિ ડૉ.મુકેશ જોષીના ગઝલ સંગ્રહ 'કેડી તૃપ્તિની'નું ૧૯મીએ લોકાર્પણ

ગાંધીનગર, તા.૧૭

શહેરના જાણીતા ઈજનેર અને ગઝલકાર ડૉ. મુકેશ જોષીના દ્વિતીય ગઝલ સંગ્રહ 'કેડી તૃપ્તિની'નું લોકાર્પણ ૧૯મીના રોજ યોજાનાર છે. જે અમદાવાદ મુકામે ગુજરાતી સાહિત્ય પરિષદના રા.વિ. પાઠક સભાગૃહમાં સાંજે ૫.૧૫ કલાકે યોજાશે. આ કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકાર ભાગ્યેશ જહા, કવિ અને વિવેચક યોસેફ મેકવાન, ગઝલકાર ડૉ. એસ.એસ.રાહી તેમજ ડૉ. સતીન દેસાઈ 'પરવેઝ' અને કવિ કૃષ્ણ દવે ઉપસ્થિત રહેનાર છે. આ કાર્યક્રમનું સંચાલન જાણીતા કવિ અને ઉદઘોષક હરદ્વાર ગોસ્વામી કરશે જયારે સ્વરોત્સવ જાણીતા ગાયક કલાકાર માયા દીપક દ્વારા રજૂ કરવામાં આવશે. આ 'કેડી તૃપ્તિની' ગઝલ સંગ્રહમાં કુલ ૧૧૧ ગઝલોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ પુસ્તકનું પ્રકાશન સુપ્રસિધ્ધ 'રન્નાદે પ્રકાશન' દ્વારા કરવામાં આવેલ છે અને આ પુસ્તકની પ્રસ્તાવના યોસેફ મેકવાન, ડૉ. એસ.એસ.રાહી, મુસાફીર પાલનપુરી દ્વારા લખવામાં આવી છે. ડૉ. મુકેશ જોષીના જળવ્યવસ્થાપન અંગે ૮૫ જેટલા સંશોધન પત્રો પ્રકાશિત થયેલ છે. તેઓ દ્વારા આ દ્વિતીય ગઝલ સંગ્રહ લોકાર્પણ કરવામાં આવી રહ્યો છે જે ગૌરવપ્રદ છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. ઠાકોર લીલાબેન ગાંડાજી,** ઉ.વ. ૪૫, મહુન્દ્રા
- **સ્વ. ઠાકોર રાજુજી અમરાજી,** ઉ.વ. ૫૦, પાલજ જુના

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ. રામી ધર્મિષ્ઠાબેન હસમુખભાઈ,** ઉ.વ. ૬૧, સેકટર-૩
- **સ્વ. વાલ્મીકી શૈલેષભાઈ ડાહ્યાભાઈ,** ઉ.વ. ૩૬, ધોળાકુવા
- **સ્વ. પારવે શિવપ્રસાદ શિવહરીપ્રસાદ,** ઉ.વ. ૪૦, ઉવારસદ

## શહેર વસાહત મહામંડળ દ્વારા રેલ્વે નેટવર્ક મજબૂત કરવા રજૂઆત

ગાંધીનગર, તા. ૧૭

શહેર વસાહત મહામંડળ દ્વારા રેલ્વે નેટવર્ક મજબૂત કરવા તથા આયોજન કરવા રજૂઆત કરાઈ છે. કેપીટલ રેલ્વે સ્ટેશનને કરોડો રૂપિયા ખર્ચીને આધુનિકરૂપ આપ્યું છે. પરંતુ પ્લેટફોર્મની કમી અને વહીવટીય ઈચ્છા શક્તિને કારણે વિકાસ મંદગતિએ ચાલી રહ્યો છે તેને વધુ સઘન બનાવવા માટે કનુભાઈ પટેલ તથા કનુભાઈ દવે દ્વારા વડાપ્રધાનનું ધ્યાન દોરી અગત્યના ૭ મુદ્દાઓ ઉકેલવા વિનંતી કરી છે. જેમાં અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેઈન ગાંધીનગરથી શરૂ કરવા, નવી ટ્રેઈનો વાયા પાટનગર ચાલુ કરવા, ખોડિયાર-ગાંધીનગર-કલોલ વચ્ચે ડબલ ટ્રેક નાંખવા, પ્રાંતિજ, ગાંધીનગર રેલ્વે લાઈનનું સર્વે તાત્કાલિક ચાલુ કરાવવા, આદરજ મોટીથી વીજાપુર લાઈનનું રૂપાંતર કરવા બાબત, કડી-કલોલ-બેચરાજી લાઈનને બ્રોડગ્રેઈજમાં કરવાની રજુઆત ઉપરાંત મહામંડળ દ્વારા રજૂઆત કરાઈ છે કે ૨૦૧૬ના બજેટમાં આદરજ મોટીથી વિજાપુર લાઈન રૂપાંતરનું કામ મંજૂર થયેલ હોવા છતાં આજદિન સુધી કામનો આરંભ થયો નથી તેથી જોગવાઈ માત્ર જાહેરાત બની રહી છે. તેને બદલે વધુ ધ્યાન આપી કામ હાથ પર લેવા તથા ગાંધીનગર રેલ્વે સ્ટેશનને પાટનગરનો દરજ્જો આપવા અરૂણ બુચ, મયુર વ્યાસ, શશીકાંત મોઢા, પ્રદિપ સોલંકી સહીત સૌએ ધ્યાન દોરી જુની માંગણીઓ પર ધ્યાન કેન્દ્રીત કરી નવા સ્ટેશન પર પોલીસ ચોકી, પોલીસ વ્યવસ્થા, રીક્ષા સ્ટેન્ડ જેવી સુવિધા આપવા વિનંતી કરાઈ છે. આ ઉપરાંત અમદાવાદથી ઉપડતી મુંબઈ તરફ જતી ટ્રેઈનો ગાંધીનગરથી ફાળવવા સાબરમતી અને ખોડીયાર સ્ટેશનોને વધુ સુવિધાપૂર્ણ બનાવી તમામ ટ્રેઈનો ગાંધીનગરથી ઉપાડવા પણ રજૂઆત કરી છે.

## સમસ્ત ખડાયતા સમાજનો કોટયર્ક ઉત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા.૧૭

સમસ્ત ખડાયતા સમાજનો સંવત ૨૦૭૮ના બારસના ઓચ્છવનો કાર્યક્રમ ઉજવાયો હતો. જે ૩૪૦ ખડાયતા બન્ધુઓની પ્રેરક ઉપસ્થિતિમાં રંગમંચ, સે-૨૦ ખાતે ઉજવાયો હતો. જેમાં કોટિયર્ક પ્રભુની પૂજા આરતી સાથે કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૭૦ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા વડીલોનું સન્માનપત્ર અર્પણ કરી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું ત્યારબાદ બે મિનિટ મૌન પાળી ગત બે વર્ષ દરમિયાન જ્ઞાતિએ ગુમાવેલ બંધુઓ અને વડિલોને શ્રધ્ધાંજલી આપી હતી. ઉપરાંત અન્ય સદર કાર્યક્રમો થયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંજય શાહે કર્યુ હતુ. આ કાર્યક્રમને સફળ બનાવવા કારોબારીના અન્ય હોદ્દેદારો મુયર શાહ, સંજય શાહ, નિમીષ શાહ, પ્રદિપ શાહ, તુષાર શાહ, મયુર જી. શાહ તેમજ મહિલા પ્રતિનિધિ તરીકે અમી એમ. શાહ, બેલા પી. શાહે પ્રશંસનીય કામગીરી કરી હતી. આ કાર્યક્રમની આભારવિધિ બાદ તમામ સભ્યોએ કોટિયર્ક પ્રભુનો મહાપ્રસાદ લઈ કાર્યક્રમને સંપન્ન કર્યો હતો.

## સાઈ ઈન્સ્ટિટ્યૂશનલ એવોર્ડમાં ગાંધીનગર 'સાઈ'ના ચારને પુરસ્કાર

### સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ૨૪૬ રમતવીરો અને કોચને સૌપ્રથમ સાઈ ઈન્સ્ટિટ્યૂશનલ પુરસ્કારોથી સન્માનવામાં આવ્યાં



ગાંધીનગર, તા.૧૭

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ઈતિહાસમાં સૌપ્રથમવાર દિલ્હી ખાતે સાઈ ઈન્સ્ટિટ્યૂશનલ પુરસ્કાર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૨૪૬ રમતવીરો-કોચને સન્માનિત કરાયાં હતા. યુવા બાબતો અને રમતગમતના કેન્દ્રીય પ્રધાન અનુરાગ ઠાકુર અને રાજ્ય પ્રધાન નિસિથ પ્રામાણિકની હાજરીમાં યોજાયેલા આ સમારંભમાં સમારોહ દરમિયાન કુલ ૧૬૨ એથ્લેટ્સ અને ૮૪ કોચને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં તેમના પ્રદર્શન માટે ઉત્કૃષ્ટ પુરસ્કાર અને શ્રેષ્ઠ પુરસ્કાર શ્રેણીમાં પુરસ્કારો આપવામાં આવ્યા હતા જેમાં કુલ રૂ.૮૫.૦૨ લાખના રોકડ પુરસ્કારો એનાયત કરાયાં હતા. આ પુરસ્કારો વર્ષ-૨૦૧૬થી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ રમત પ્રમોશન યોજનાઓ હેઠળ સાઈ એથ્લેટ્સ અને કોચના

**ગાંધીનગરના સાઇ કેમ્પસના પુરસ્કાર વિજેતાઓ**

**નીતિન ચૌધરી – પેરા એથ્લેટ – વર્ષ ૨૦૧૯-૨૦**
**રાજેન્દ્ર રાણા - પેરા એથલીટ - વર્ષ ૨૦૧૯-૨૦**
**શિવાજી સિંધુ - હેન્ડબોલ કોચ - ૨૦૧૭-૧૮**
**વિવેક ચતુર્વેદી – હોકી કોચ – વર્ષ ૨૦૧૬-૧૭**

ગાંધીનગર સાઈ કેમ્પસના પણ બે પેરા ખેલાડીઓ અને બે કોચ મળીને કુલ ચાર વિજેતાઓને પુરસ્કૃત કરવામાં આવ્યાં હતા. પુરસ્કાર મેળવનારને પ્રશસ્તિપત્ર સાથે વિશેષ રીતે બનાવાયેલું બ્લેઝર પણ આપવામાં આવ્યું હતું.

નવી દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે આયોજિત અસાધારણ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને અપાયાં છે જેમાં તે ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ના વર્ષો માટે લાયક ઉમેદવારોને પુરસ્કારો આપવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર ખાતેના સાઈ કેન્દ્રના બે એથ્લેટ અને બે કોચને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રમતગમત સચિવ સુજાતા ચતુર્વેદી, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ડાયરેક્ટર-જનરલ સંદિપ પ્રધાન તેમજ સ્પોર્ટ્સ મંત્રાલય અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અન્ય અધિકારીઓ પણ હાજર રહ્યાં હતા.

પુરસ્કાર વિજેતાઓની પ્રશંસા કરતા અનુરાગ ઠાકુરે કહ્યું, 'આજે પુરસ્કાર મેળવનાર તમામ એથ્લેટ્સ અને કોચને હું હૃદયપૂર્વક અભિનંદન આપું છું. રમતગમત આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હૃદયની ખૂબ નજીક છે અને તેમના વિઝનને એથ્લેટ્સ સુધી વિસ્તારવામાં આવી રહ્યું છે. દરેક રમતવીર તેની પેઢી માટે પ્રેરણારૂપ છે.' પુરસ્કારોની શ્રેણીઓમાં રાષ્ટ્રીય સ્તરની સિદ્ધિઓ માટે ઉત્કૃષ્ટ પુરસ્કાર અને આંતરરાષ્ટ્રીય સ્તરની સિદ્ધિઓ માટે શ્રેષ્ઠ પુરસ્કારની હતી. પુરસ્કાર વિજતા પસંદગી સમિતિમાં સાઈના વરિષ્ઠ અધિકારીઓ તેમજ ખ્યાતનામ ખેલ વ્યક્તિઓનો સમાવેશ કરાયો હતો જેમણે વિવિધ સાઈના નેશનલ સેન્ટર્સ ઓફ એકસેલન્સના પ્રાદેશિક નિર્દેશકો પાસેથી મળેલા નામાંકનોને યોગ્ય રીતે તપાસીને નિર્ણયો કર્યા હતા.

# લગ્નસરામાં સમય સાથે ટ્રેન્ડ બદલાયા

## વર-વધુ સાથે ફેમિલી વીડિયો ઈન્વીટેશન, આર્ટિફિશ્યલ ફૂલોના કોમ્બિનેશન સાથે ડેકોરેશન, હેલ્ધી ફૂડ પ્રોડકટસ અને લાઈવ કાઉન્ટરની ડિમાન્ડ

ગાંધીનગર, તા.૧૭

દેવઉઠી એકાદશીની સાથે જ શહેરમાં લગ્નની મોસમ જોરોશોરોથી જામી ગઈ છે. છેલ્લા દોઢેક વર્ષથી કોરોનાને કારણે લગ્નની સિઝનમાં નાગરિકો સાદગી કે પછી સરકારી ગાઈડલાઈનને અનુસરીને લગ્નપ્રસંગ પુરો કરતા હતા. પરંતુ હવે કોરોના બાદ લગ્ન પ્રસંગની સિઝન ફરી શરૂ થઈ રહી છે ત્યારે વેડીંગ સેકટરમાં અનેક પ્રકારના બદલાવ આવ્યા છે. જેમાં કંકોત્રીથી લઈને ફૂડ અને ડેકોરેશનમાં વિવિધતા જોવા મળી છે. કોરોનાના સમયમાં ડિજિટલ કંકોત્રીઓનું ચલણ વધ્યું છે. બીજી તરફ ડેકોરેશનનું બજેટ ઘટયું છે. મેરેજ પહેલાના પ્રિ-ફંકશનમાં મિનિમમ ડેકોર કરાવવાનું પસંદ કરી રહ્યા છે. ફૂડની વાત કરીએ તો એકસોટિકા વેજીટેબલ ડિશ, પર્શિયન, જાપાનિસ અને મેકિસકન ફૂડના લાઈવ કાઉન્ટરની ડિમાન્ડ આ વર્ષે વધારે જોવા મળી રહી છે.

ઈન્વીટેશન વિડિયોનો ટ્રેન્ડ છેલ્લા એક વર્ષમાં વધ્યો છે. શહેરના વેડિંગ પ્લાન્ર અને કંકોત્રીનો બિઝનેસ કરતા સંચાલકો પાસેથી જાણવા મળ્યું છે કે કંકોત્રીના બિઝનેસમાં ૩૦ ટકાનો ઘટાડો થયો છે જયારે ડિજિટલ કંકોત્રીમાં ૮૦ ટકા સુધીનો વધારો થયો છે. લગ્નપ્રસંગે નાગરિકો હવે માત્ર કંકોત્રી લખવાના ફંકશન અને વિધિ માટે ગણતરીની કંકોત્રીઓ પ્રિન્ટ કરાવીને ડિજિટલ કંકોત્રી વધુ પ્રિફર કરી રહ્યા છે. વર-વધુ સહિત સમગ્ર પરિવારના ઈન્વીટેશન વિડિયોનો ટ્રેન્ડ છેલ્લા એક વર્ષમાં વધ્યો છે. પર્સનાઈઝ ફીલ સાથે કોસ્ટ ઈફેકિટવ અને સમયનો પણ બચાવ કરતો હોવાથી આ ઈન્વીટેશન કાર્ડ વધારે પસંદ કરવામાં આવી રહ્યા છે. પહેલા મેરેજ સાથે પ્રિફંકશનમાં ડેકોરેશન માટે બજેટ ફળવાતા હતા પણ કોરોના પછી વર્તમાન સમયમાં ઓરિજનલ ફલાવર્સમાં ભાવવધારાને કારણે અને વધુમાં





વધુ નાગરિકો આર્ટિફિશ્યલ ફૂલોના કોમ્બિનેશન સાથે ડેકોરેશન કરાવી રહ્યા છે.

નાગરિકોનો આગ્રહ એક જ છે કે તેઓને ગરમ ફૂડ મળી રહે. કોરોના પહેલા નાગરિકો મોટા ભાગે ફૂડના પેકેજિસમાંથી ફૂડની પસંદગી કરતા હતા પણ કોરોના બાદ લિમિટેડ માણસો સાથે પરવાનગી હોવાથી સાથે જ હેલ્ધી પ્રોડકટસ અને લાઈવ કાઉન્ટરને વધારે પસંદ કરી રહ્યા છે. વર્તમાન સમયમાં પેકેજ નહિ વાનગીઓની ડિશ પ્રમાણે ભાવ લેવામાં આવે છે. આ વર્ષે એકઝોટિકા વેજીટેબલ્સ ડિશની ડિમાન્ડ સાથે જાપાનિસ, મેકિસકન અને પર્શિયન ફૂડ ડિશ નાગરિકો સૌથી વધારે પસંદ કરી રહ્યા છે. મોટા ભાગના નાગરિકોનો આગ્રહ એક જ છે કે તેઓને ગરમ ફૂડ મળી રહે.

કંકોત્રીમાં પર્સનાઈઝ ફિલ માટે ગિફ્ટ હેમ્પર્સ આપવામાં આવી રહ્યા છે. સાદી કંકોત્રીનો ભાવ ૧૦૦ રૂપિયાથી ૧૫૦૦ રૂપિયા છે. છેલ્લાં કેટલાક સમયથી શહેરના લગ્નો માટે ચણીયાચોળી, શૂટ, શેરવાની ભાડે લેવાનો ટ્રેન્ડ ચાલ્યો છે. જેના કારણે હવે નાગરિકો તૈયાર ચણિયાચોળી લેવાનું ટાળતા હોય છે કારણ કે પોતાના બજેટમાં સારા એવા ચણિયાચોળી અને શૂટ ભાડે મળી જતા હોય છે. થોડા વર્ષો પહેલા લગ્ન નક્કી થાય એટલે તરત જ છોકરો હોય કે છોકરી તેઓ લગ્નના દિવસે શું પહેરશે તેની પસંદગીમાં લાગી જતા હતા. તેઓ દરજીને શેરવાની અને ચણિયાચોળી સીવડાવવા આપી દેતા અથવા મિત્રો સાથે જઈને શોપીંગ કરી આવતા હતા પરંતુ સમયની સાથે સાથે ટ્રેન્ડ બદલાયો અને જે શેરવાની ૬ મહિના પહેલા સીવડાવવામાં આવતી હતી તે હવે સીવડાવવાના બદલે ભાડે લેતા થઈ ગયા છે. દુલ્હનના કપડાથી માંડીને તેની સાથે પહેરવાના ઘરેણા પણ હવે તો ભાડે મળે છે અને બધા ભાડે લેવાનું જ પસંદ કરે છે. લગ્નની શેરવાની ૩૦૦૦ રૂપિયાથી માંડીને ૨૦,૦૦૦ સુધીમાં મળી જાય છે. જયારે દુલ્હનની ચણિયાચોળી પણ ૨૦૦૦ થી લઈને ૧૫,૦૦૦ સુધીમાં ભાડે મળી રહે છે. લગ્ન સિઝનમાં ભાડે કપડાં આપનારનો ધંધો ખૂબ જ સારો ચાલતો હોય છે.